# 15 મી ઓગસ્ટ વિશે નિબંધ

www.talatimantri.in

1. **પ્રસ્તાવના**
2. **આઝાદીનો ઈતિહાસ**
3. **સ્વાતંત્ર્યદિનની ઉજવણી**
4. **ઉપસંહાર**

ઈ. સ. 1947ની 15મી ઑગસ્ટનો દિવસ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે. એ દિવસે એક મોટા લોકશાહી દેશ તરીકે આપણો દેશ સ્વતંત્ર થયો.

15 ઓગસ્ટ, 1947 સુધી આપણા દેશમાં અંગ્રેજોનું શાસન હતું. અંગ્રેજોએ આપણા દેશને પાયમાલ કરી નાખ્યો હતો. લોકોના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા હતા. પરિણામે આપણા હજારો કારીગરો બેકાર બન્યા હતા. અંગ્રેજોના જોરજુલમથી ભારતની પ્રજા ત્રાસી ગઈ હતી. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે ગાંધીજીએ સત્યાગ્રહની લડત શરૂ કરી. દેશની પ્રજાએ ગાંધીજીને પૂરેપૂરો સાથ સહકાર આપ્યો. જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, બાલગંગાધર તિલક, લાલા લજપતરાય વગેરે દેશનેતાઓએ પોતાનું જીવન રાષ્ટ્રની સેવામાં અર્પણ કરી દીધું. ભગતસિંહ, ખુદીરામ બોઝ, પ્રફુલચાકી, ચંદ્રશેખર આઝાદ વગેરે યુવાનોએ હસતાં હસતાં શહીદી વહોરી લીધી હતી. છેવટે 15 ઑગસ્ટ, 1947ના દિવસે આપણો ભારત દેશ આઝાદ થયો. એ પ્રસંગે લોકોએ ખૂબ આનંદ મનાવ્યો હતો. ત્યારથી સમગ્ર દેશમાં દર વર્ષે પંદરમી ઓગસ્ટનો દિવસ સ્વાતંત્ર્યદિન' તરીકે આનંદ અને ઉલ્લાસથી ઉજવાય છે.

15મી ઑગસ્ટના દિવસે જાહેર રજા હોય છે. શાળામાં ધ્વજવંદન કરવામાં આવે છે. રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રગીત ગાવામાં આવે છે. કેટલાંક ગામોમાં અને શહેરોમાં પ્રભાતફેરીઓ નીકળે છે. તેમાં બાળકો દેશભક્તિના ગીતો ગાય છે અને દેશપ્રેમને લગતાં સૂત્રો પોકારે છે. આ દિવસે આઝાદીના લડવૈયાઓને યાદ કરીને તેમને અંજલિ આપવામાં આવે છે. રાષ્ટ્રીય ભાવના જગાડતાં ગીતો, નાટકો, સંવાદો વગેરેના કાર્યક્રમો યોજવામાં આવે છે. રેડિયો અને ટીવી પર દેશભકિતના વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. સાંજે ઠેરઠેર રોશની કરવામાં આવે છે.શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો કે રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. સાંજે મકાનો અને દુકાનો રોશનીથી ઝળહળી ઊઠે છે.

15મી ઑગસ્ટના દિવસે સવારે દિલ્લીના લાલ કિલ્લા પર આપણા વડા પ્રધાન ધ્વજ ફરકાવે છે અને રાષ્ટ્રને સંબોધન કરે છે. પછી આપણા દેશની સેનાની પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. ટી.વી. પરથી આ કાર્યક્રમોનું સીધું પ્રસારણ થાય છે. આ દિવસે રેડિયો અને ટી.વી. પર દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવે છે. ટી.વી. પર દેશપ્રેમને લગતી ફિલ્મ પણ દર્શાવવામાં આવે છે.

આપણે આઝાદ થયા છીએ પણ હજુ પૂરેપૂરા આબાદ થયા નથી. 15મી ના દિવસે આપણે અપને શહીદો નેયાદ કરીએ. આપણે આપણા દેશની મહામુલી આઝાદીનું રક્ષણ કરવાની અને દેશને આબાદ કરવાની પ્રતિજ્ઞા લઈએ.